ફોજદારી કેસ નંબર–૮૮૧૬/૨૦૨૧

## આંકઃ–૧ નીચે હુકમ

ફરીયાદી
શ્રી સરકાર

વિરૂધ્ધ.

આરોપી
સમીરભાઈ કેવલકૃષ્ણ તુલી

**૧.** આ કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૯ મુજબના ગુન્હા અંગેનું, કલમ –૨૦૪ પ્રમાણે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૨.** સદરહું સમન્સ ચાર્જશીટમાં જણાવેલ સરનામાં મુજબ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતા, એવા શેરા સાથે પરત આવેલ છે કે , આરોપીનં સરનામુ પુરતુ ન હોય , તે જોતા નજીકના ભવીષ્યમાં મળી આવે તેવી શકયતા જણાતી નથી.

**૩.** આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**૪.** આ તબકકે ફોજદારી કાર્યરિતી અધિનીયમની કલમ–૨૫૮ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૨૫૮ કેટલાક કેસમાં કાર્યવાહી બંધ રાખવાની સતા :–**

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણોનોં આધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ

ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે તેવી અસર થશે.

**૫.** આમ, ઉપરોકત કલમ વંચાણે લેતા ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજિસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈ પણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સતા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બીનતહોમત મુકત કરવામાં આવેલ હોય તેવી થશે.

**૬.** આ કામે પારા ૨ માં કરેલ ચર્ચા મુજબ આરોપી મળી આવે તેમ ન હોય, તે તમામ સંજોગોમાં કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો કે પ્લી નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: <u>હુકમ</u> :: –

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સતાની રૂએ બંધ કરી, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ શીક્ષાપાત્ર ગુન્હામાથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૦ માહે ૦૭ સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી, મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૦–૦૭–૨૦૨૧
સ્થળઃવડોદરા.

( જે.એ.બક્ષી )
૧૩માં એડિશ્નલ સિનિયર સિવિલ જજ અને
એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
કોડ નં.જી.જે.૦૦૯૦૩